## ડાયરેક્ટ ❤ સે

કોઈ જાહેરમાં
તમારી નિંદા કરે
તો માનજો
કે તમે સફળ થયા છો
અને કોઈ જાહેરમાં
તમારી પ્રશંસા કરે
તો ચેતજો,
તમે જોખમમાં છો

## જન્મદિને વધામણી



**પરમજીત કૌર છાબડા**
નિયામક, ગુજરાત અલ્પસંખ્યક નાણાં અને વિકાસ નિગમ
ઉપાધ્યક્ષ, ગાંધીનગર ભાજપ
બોર્ડ મેમ્બર, લાયોનેસ ક્લબ
મો. ૮૨૦૦૬ ૦૨૦૩૪



**મોહંમદઝહીર સલીમભાઈ તૈલી**
મો. ૭૮૭૮૧ ૪૨૩૪૬



**પ્રહલાદભાઈ પી. પ્રજાપતિ**
મો. ૯૪૨૬૩ ૮૧૫૯૬

## પન્નાલાલ પટેલના જન્મદિન પ્રસંગે ૭મીના રોજ અમદાવાદ ખાતે સાહિત્યિક વ્યાખ્યાન યોજાશે

ગાંધીનગર, તા. ૩

ઓમ કોમ્યુનિકેશન અને ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગરના સંયુક્ત ઉપક્રમે પન્નાલાલ પટેલના જન્મદિન પ્રસંગે સાહિત્યિક વ્યાખ્યાનનું અમદાવાદ ખાતે આયોજન કરવામાં આવ્યું છે.

આ અંગેની વિગતો આપતાં ઓમ કોમ્યુનિકેશનના મેનેજિંગ ટ્રસ્ટી મનીષ પાઠકે જણાવ્યું છે કે તા. ૭મી મે ને સોમવારના રોજ સાંજે ૫.૩૦ કલાકે આત્મા હૉલ, આશ્રમ રોડ, અમદાવાદ ખાતે જ્ઞાનપીઠપુરસ્કૃત સર્જક પન્નાલાલ પટેલના ૧૦૭મા જન્મદિન પ્રસંગે 'પરથમીનો પોઠી' સાહિત્યિક વ્યાખ્યાન યોજાશે.

ગુજરાત સાહિત્ય અકાદમીના અધ્યક્ષ પદ્મશ્રી વિષ્ણુ પંડ્યા પ્રાસંગિક ભૂમિકા રજૂ કરશે. પન્નાલાલના જીવન વિશે દૃષ્ટિ પટેલ વક્તવ્ય આપશે અને પન્નાલાલની જાણીતી કૃતિનું વાચીકમ્ કરશે. પન્નાલાલની ટૂંકી વાર્તાઓ વિશે સાહિત્યકાર અજયસિંહ ચૌહાણ અને પન્નાલાલની નવલકથાઓ અંગે સાહિત્યકાર મણિલાલ હ પટેલ વક્તવ્ય આપશે.

સમગ્ર કાર્યક્રમનું સંચાલન કવિ મનીષ પાઠક 'શ્વેત' દ્વારા કરવામાં આવશે. ભાષાપ્રેમી અને સાહિત્ય પ્રેમી જનતા માટે આ કાર્યક્રમ માણવા કોઈ પ્રકારની ફી રાખવામાં આવી નથી. સૌ ભાષા-સાહિત્યપ્રેમીઓને આ કાર્યક્રમ માણવા તેમણે ઈજન પાઠવ્યું છે.

### સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત આર જી અને એસ બી પટેલ શાળા ખાતે

# નિવૃત્ત કર્મચારી સન્માન સમારોહ યોજાયો





ગાંધીનગર, તા. ૩

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શ્રીમતી આર જી પટેલ માધ્યમિક અને શ્રીમતી એસ બી પટેલ ઉચ્ચતર માધ્યમિક કન્યા શાળા, સેક્ટર-૨૩ ખાતે નિવૃત્ત કર્મચારી સન્માન સમારંભ યોજવામાં આવ્યો હતો.

કાર્યક્રમની શુભ શરૂઆત પ્રાર્થનાથી કરવામાં આવી હતી. શાળાનાં ઉચ્ચતર માધ્યમિક વિભાગનાં સુપરવાઈઝર હંસાબેન બી પટેલ અને વહીવટી વિભાગના ક્લાર્ક હંસાબેન એમ પટેલ વયનિવૃત્ત થતાં આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમનું સંચાલન મંયકભાઈ પટેલ અને રમણભાઈ પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું.

શિક્ષક મહેન્દ્રભાઈ પટેલ, શર્મિષ્ઠાબેન પટેલ, રોહિતભાઈ વ્યાસ અને અનિલભાઈ રાવલ દ્વારા બંને કર્મચારીઓ સાથેનાં સંભારણાં તાજાં કરવામાં આવ્યાં હતાં. આચાર્ય સુધાબેન પટેલ, માધ્યમિક વિભાગના સુપરવાઈઝર ગિતોષભાઈ પટેલ, સાયન્સ વિભાગનાં સુપરવાઈઝર ગીતાબેન પટેલ, વહીવટી વિભાગના વડા તૃપ્તિબેન સાથે મળીને શ્રીફળ, સાકર, શાળ, ચાંદીનો સિક્કો અને સન્માનપત્ર આપી નિવૃત્ત થનારા કર્મચારીઓનું સન્માન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે વિશેષ અતિથિ તરીકે સેક્ટર-૭ શાળાનાં નિષ્ઠાબેન અને દિપીકાબેન ઉપસ્થિત રહ્યાં હતાં, જેમણે બંને કર્મચારીઓને સુખરૂપ, સ્વસ્થ નિવૃત્ત જીવન માટે શુભકામનાઓ પાઠવી હતી.

# ગાયત્રી હૉસ્પિટલ ખાતે મેગા આરોગ્ય કૅમ્પ અને રક્તદાન શિબિર યોજાયો

ગાંધીનગર, તા. ૩

ગાંધીનગર ગાયત્રી પરિવાર ટ્રસ્ટ, ગાયત્રી શક્તિપીઠ, સૅક્ટર-૧ દ્વારા કૅન્સર હૉસ્પિટલ, અમદાવાદના સહયોગથી તથા સુરેશભાઈ ચૌધરીના સૌજન્યથી ગાયત્રી હૉસ્પિટલ, સૅક્ટર-૬ ખાતે મેગા આરોગ્ય કૅમ્પ તથા કૅન્સર પીડિત દર્દીઓના લાભાર્થે રક્તદાન શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. આ રક્તદાન શિબિરમાં ૧૭૮ બૉટલ રક્ત એકત્ર થયું હતું, જે કૅન્સર હૉસ્પિટલને સુપ્રત કરવામાં આવ્યું હતું. મેગા આરોગ્ય કૅમ્પમાં ૨૨૬ લાભાર્થીઓને ડાયાબિટીસના અને ૧૮૪ લાભાર્થીઓને કૅલ્શિયમના ટેસ્ટનો વિનામૂલ્યે લાભ આપવામાં આવ્યો હતો. ઉપરાંત ૨૧૬ લાભાર્થીઓનાં નેત્રની ચકાસણી, ૧૨૦ લાભાર્થીઓને દંત ચિકિત્સા, ૨૪ લાભાર્થીઓને સુઝોક એક્યુપ્રેશર ટ્રીટમેન્ટ અને ૧૧૯ મહિલાોને ગર્ભાશય તથા સ્તન કૅન્સર બાબતે નિદાનનો લાભ આપવામાં આવ્યો હતો.

# રાજ્યની કૉલેજોમાં સૅમેસ્ટર સિસ્ટમ દૂર થવાની શક્યતા દેખાતી નથી

ગાંધીનગર, તા. ૩

રાજ્યની કોલેજોમાંથી આગામી શૈક્ષણિક વર્ષે પણ સેમેસ્ટર સિસ્ટમ દૂર કરવામાં આવે તેવી કોઇ શકયતાં નથી. યુજીસીએ તાજેતરમાં તમામ યુનિવર્સિટીઓને ચોઇસ બેઇઝ ક્રેડિટ સિસ્ટમ અપનાવવા ફરજ પાડી છે. જે યુનિવર્સિટી આ સિસ્ટમનો સ્વીકાર ન કરે તેને ગ્રાન્ટ નહી આપવાની પણ ચીમકી આપી છે. હવે યુજીસીની ઉપરવટ જઇને સેમેસ્ટર સિસ્ટમ દૂર કરવાની હિંમત સરકાર દાખવી શકે તેમ નથી. આ સ્થિતિમાં હવે વિદ્યાર્થીઓએ સેમેસ્ટર સિસ્ટમના ત્રાસમાંથી મુક્ત થવા માટે વધુ સમય રાહ જોવી પડશે. રાજ્યમાં સેમેસ્ટર સિસ્ટમ દાખલ કરવામાં આવી ત્યારથી તેનો જોરદાર વિરોધ થઇ રહ્યો છે. છેલ્લા સાત વર્ષમાં શિક્ષણની જે અવદશા થઇ છે તે જોતાં સેમેસ્ટર હટાવોની ઝુંબેશમાં ડીએસઓ ઉપરાંત એબીવીપી અને એનએસયુઆઇએ પણ જોડાવવું પડયુ છે. સમગ્ર રાજ્યમાં થયેલા ઉગ્ર વિરોધના પગલે સરકારે થોડા સમય પહેલા જ વિદ્યાર્થી-અધ્યાપકોના મંતવ્ય લેવા માટે ગુજરાત યુનિવર્સિટીના કુલપતિના અધ્યક્ષસ્થાને ત્રણ સભ્યોની એક કમિટીની રચના કરવામાં આવી છે. આ કમિટીએ હજુસુધી પોતાના કાર્યવાહી શરૂ કરી નથી. પરંતુ સેમેસ્ટર સિસ્ટમ હટાવવા માટેની એક હવા ઊભી થઇ ચુકી હતી. બરાબર આ જ વખતે યુજીસી દ્વારા એવી સ્પષ્ટતા કરવામાં આવી છે કે ક્રેડિટ બેઇઝ ચોઇસ સિસ્ટમની સાથે સેમસ્ટર સિસ્ટમ ફરજિયાત કરવી પડશે. જે યુનિવર્સિટી આ બન્ને નહી સ્વીકારે તેમને ગ્રાન્ટ ફાળવવામાં નહી આવે. યુજીસીની આ પ્રકારની ચીમકીના કારણે હવે ફરીએકવાર સેમેસ્ટર સિસ્ટમ દૂર કરવા આડે વિઘ્ન ઉભી થાય તેવી સ્થિતિ સર્જાઇ છે. કોલેજના સૂત્રો કહે રાજ્ય સરકાર પોતે સેમેસ્ટર સિસ્ટમ હટાવવા મક્કમ બને તો જ આ શકય બને તેમ છે. પરંતુ હવે યુજીસીએ નવો પરિપત્ર કરતાં સરકાર માટે 'દોડવુ હતુ અને ઢાળ મળ્યો' તેવો ઘાટ સર્જાયો છે. આમ હાલની સ્થિતિ જોતાં હવે આગામી શૈક્ષણિક વર્ષે સેમેસ્ટર સિસ્ટમ દૂર થાય તેવી કોઇ શકયતા દેખાતી નથી. યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશન (યુજીસી) દ્વારા ચોઇસ બેઇઝ્ડ ક્રેડિટ સિસ્ટમ લાવવાનો મુળ હેતુ એવો હતો કે, સાયન્સનો વિદ્યાર્થી ઇચ્છે તો આર્ટસ અને કોમર્સના વિષય ભણી શકે અને કોમર્સનો વિદ્યાર્થી પણ સાયન્સ કે આર્ટસના વિષય ભણી શકે. પોતાની ચોઇસ પ્રમાણે વિષયની પસંદગીને અવકાશ રહેતો હતો. આશ્ચર્યની વાત કે ગુજરાતમાં ક્રેડિટ બેઇઝ્ડ ચોઇસ સિસ્ટમનો અમલ જ કરાયો નથી. સેમેસ્ટર સિસ્ટમને જ આપણે ત્યાં ક્રેડિટ બેઇઝ્ડ ચોઇસ સિસ્ટમ ગણી લેવામાં આવી છે. એકપણ વિદ્યાર્થીને પોતાની રીતે વિષયો પસંદ કરવાની કોઇ ચોઇસ કે તક આપવામાં આવતી નથી. ઉલટાનું ગુજરાતમાં તો 'ચોઇસ લેસ ક્રેડિટ સિસ્ટમ' ચાલી રહી છે. વિદ્યાર્થીને જે વિષયો આપે તેજ ભણવા પડે છે. આમ, યુજીસીએ જે હેતુ માટે આ સિસ્ટમ દાખલ કરી તે આજસુધી સિધ્ધ થયો નથી. ઉલટાનુ સેમેસ્ટર સિસ્ટમ લાવીને ક્રેડિટ બેઇઝ્ડ ચોઇસ સિસ્ટમ નો અમલ કરી દીધો હોવાનુ માની લેવામાં આવ્યુ છે. હવે સેમેસ્ટર સિસ્ટમ દૂર ન કરવા માટે આજ સિસ્ટમને ઢાલ તરીકે ઉપયોગ કરવાનું શરૂ કરવામાં આવશે.

# રાષ્ટ્રીય સેવા યોજનાના પ્રોગ્રામ ઓફિસરનો વર્કશોપ યોજાયો

### ગુજરાત રાજ્ય શિક્ષણ વિભાગ અને એનએસએસ સેલ, ઉચ્ચ શિક્ષણ કમિશનર કચેરી, ગાંધીનગરન સંયુક્ત ઉપક્રમે આયોજિત વર્કશૉપમાં આઠ જિલ્લાના પ્રોગ્રામ ઑફિસર્સ જોડાયા

ગાંધીનગર, તા. ૩

ગુજરાત રાજ્ય શિક્ષણ વિભાગ અને એનએસએસ સેલ, ઉચ્ચ શિક્ષણ કમિશનર, ગાંધીનગર દ્વારા આયોજિત રાષ્ટ્રીય સેવા યોજનાના પ્રોગ્રામ ઓફિસરનો વર્કશોપ તાજેતરમાં કેસીજી વિભાગ, ગુજરાત યુનિવર્સિટી ખાતે યોજવામાં આવ્યો હતો, જેમાં પ્રાદેશિક નિયામક કમલકુમાર કર, ગુજરાત રાજ્ય એનએસએસ અધિકારી ડૉ. દર્શનાબેન જોષી તથા આઠ જિલ્લાના પ્રોગ્રામ ઓફિસર ઉપસ્થિત રહ્યા હતા. સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શ્રીમતી આર જી પટેલ કન્યા માધ્યમિક અને શ્રીમતી એસ બી પટેલ ઉચ્ચતર માધ્યમિક શાળા, સેક્ટર-૨૩, ગાંધીનગરના પ્રોગ્રામ ઓફિસર રમેશભાઈ જી પટેલ આ વર્કશોપમાં જોડાયા હતા.

સવારે રજિસ્ટ્રેશન બાદ પ્રથમ સૅશનનો આરંભ થયો હતો. એનએસએસ ગીતથી કાર્યક્રમની શરૂઆત કરવામાં આવી હતી. ત્યારબાદ અતિથિઓનો સ્મૃતિચિહ્નો આપી સ્વાગત કરવામાં આવ્યું હતું.

પ્રાદેશિક નિયામક કમલકુમાર કર દ્વારા કાર્યક્રમની રૂપરેખા આપી રાષ્ટ્રીય સેવા યોજનાનો અર્થ અને વર્ષ દરમિયાન કરવાનાં કાર્યોની માહિતી આપવામાં આવી હતી. તેમણે કાર્યક્રમો અંતર્ગત જળ બચાવો, જળ સંચય, માર્ગ સલામતી, વૃક્ષારોપણ જેવાં ઉપક્રમો ખાસ યોજવાની ભલામણ કરી હતી.

બીજા સૅશનમાં ગુજરાત રાજ્ય ઍનઍસઍસ અધિકારી ડૉ. દર્શનાબેન જોષી દ્વારા વર્ષ ૨૦૧૮-૧૯ દરમિયાન કરવાની પ્રવૃત્તિની જિલ્લાદીઠ યાદી બનાવી જિલ્લા પ્રતિનિધિ દ્વારા તેનું નિદર્શન કરાવવામાં આવ્યું હતું. ગુજરાત યુનિવર્સિટીના નિવૃત્ત અધ્યાપક પ્રૉ. દીપકભાઈ દ્વારા ઍનઍસઍસમાં કરવામાં આવેલી કામગીરી બાબતે હાસ્ય સાથેનું વક્તવ્ય રજૂ કરવામાં આવ્યું હતું. વર્કશૉપમાં ઉપસ્થિત એનએસએસ પ્રોગ્રામ ઑફિસર્સને પ્રમાણપત્રો આપીને વર્કશૉપનું સમાપન કરવામાં આવ્યું હતું.

## રવિવારે વિશ્વગ્રામ દ્વારા સાહિત્ય અને સામાજિક નિસબત વિષયે ડૉ. વિનોદ જોશીનું વક્તવ્ય

ગાંધીનગર, તા. ૩

વિશ્વગ્રામ પ્રેરિત વિચાર વર્તુળ દ્વારા વક્તવ્યનું આયોજન આગામી રવિવારના રોજ ગાંધીનગર ખાતે કરવામાં આવ્યું છે.

તા. ૬ઠ્ઠી મે, રવિવારના રોજ સાહિત્ય અને સામાજિક નિસબત વિષયે ડૉ. વિનોદ જોષી આ કાર્યક્રમ અંતર્ગત વક્તવ્ય આપશે. સવારે ૯થી ૧૧ કલાક દરમિયાન સીઆર-૪, ઍસ કે પટેલ ઈન્સ્ટીટ્યુટ, ગૅટ નંબર-૨, સર્વ વિદ્યાલય પરિસર, સૅક્ટર-૨૩, ગાંધીનગર ખાતે આ કાર્યક્રમ યોજવામાં આવ્યો છે.

સદભાવના, સંવેદના અને સમન્યવના પર્યાયની ખોજમાં વિચારશીલ અને ચિંતનશીલ વ્યક્તિઓને સમાલાપ હેતુ આ કાર્યક્રમ માણવા માટે વિશ્વગ્રામ દ્વારા ઈજન પાઠવવામાં આવ્યું છે.

### બોર્ડ ઓફ સ્ટડીઝની રચના થયાને ત્રણ વર્ષની મુદત પૂર્ણ થતાં

# ગુજરાત યુનિવર્સિટીમાં પુન: બોર્ડની રચના માટેની કવાયત શરૂ

### સામાન્ય રીતે બોર્ડમાં ૯ સભ્યોની નિમણૂક થતી હોય છે પરંતુ આ વખતે વિદ્યાર્થીમાંથી પણ એક સભ્યની પસંદગી કરવાની હોવાથી હવે કુલ ૧૦ સભ્યોની પસંદગી કરાશે

ગાંધીનગર, તા. ૩

ગુજરાત યુનિવર્સિટીમાં જુદા જુદા વિષયોના બોર્ડ ઓફ સ્ટડીઝની રચના થયાને ત્રણ વર્ષની મુદત પૂર્ણ થતા હવે નવા બોર્ડની રચના માટેની કવાયત શરૂ કરી દેવામાં આવી છે. સામાન્ય રીતે બોર્ડમાં ૯ સભ્યોની નિમણૂક થતી હોય છે પરંતુ આ વખતે વિદ્યાર્થીમાંથી પણ એક સભ્યની પસંદગી કરવાની હોવાથી હવે કુલ ૧૦ સભ્યોની પસંદગી કરાશે. યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશન (યુજીસી) દ્વારા દરેક વિષયોના બોર્ડની રચના થયા બાદ દર ત્રણ વર્ષે સભ્યો બદલી નાંખવા માટે સૂચના આપવામાં આવી છે. યુનિવર્સિટીમાં જુદા જુદા વિષયોમાં ૩૫ વિષયોના રેગ્યુલર બોર્ડ અને ૨૭ વિષયોના કામચલાઉ એટલે કે એડહોક બોર્ડ બનાવવામાં આવે છે. દરેક વિષયમાં એક બોર્ડ ઓફ સ્ટડીઝની રચના કરવામાં આવે છે. જેમાં ચાર મુખ્ય સભ્યો અને પાંચ સભ્યોને નોમિનેશનથી સ્થાન આપવામાં આવે છે. આ બોર્ડ દ્વારા જે તે વિષયોના સીલેબસમાં ફેરફાર કરવાથી લઈને કેટલાક ચેપ્ટર ઉમેરવા કે રદ કરવા તેનો નિર્ણય કરવામાં આવે છે. અત્યાર સુધી એચઓડી, પ્રિન્સીપાલ વગેરેની નિમણૂક કરાતી હતી. પરંતુ વિદ્યાર્થીઓને કોઈ સ્થાન અપાતુ નહોતુ. તાજેતરમાં યુનિવર્સિટી દ્વારા એવો નિર્ણય કરાયો હતો કે, જેના માટે સીલેબસ નક્કી કરવામાં આવે તે વિદ્યાર્થીઓને પણ સ્થાન આપવું જોઈએ. જેના કારણે હવે આ વખતે બોર્ડમાં કુલ નવ સભ્યોના સ્થાને કુલ ૧૦ સભ્યોની નિમણૂક કરાશે. દરેક બોર્ડ ઓફ સ્ટડીઝમાં એક વિદ્યાર્થીની નિમણૂક કરવામાં આવશે. નોંધનીય છે કે ભૂતકાળમાં બોર્ડ ઓફ સ્ટડીઝની રચના કરવામાં નિયમોનું પાલન થતું ન હોવાની અનેક ફરિયાદ બહાર આવતી હતી. ત્રણ વર્ષ પુરા થયા બાદ નવી નિમણૂકમાં આ પ્રકારની ફરિયાદ ન આવે તે માટે હવે ક્રેડિટની ગણતરી પ્રમાણે સિનિયોરિટીના આધારે દરેક અધ્યાપકોને બોર્ડમાં સ્થાન આપવાનું નક્કી કરવામાં આવ્યું છે.

## નેશનલ રેપિડ અને બ્લિટ્સ ચેસ ટુર્નામેન્ટમાં અમદાવાદના ખેલાડીઓની વિજયી શરૂઆત

ગાંધીનગર, તા. ૩

ગુજરાત સ્ટેટ ચેસ એસોસિયેશનના ઉપક્રમે બુધવારથી શરૂ થયેલી નેશનલ રેપિડ અને બ્લિટ્ઝ ચેસ ટુર્નામેન્ટમાં પ્રથમ દિવસે અમદાવાદના તેજસ બાકરે સહિત ક્રમાંકિત અને ગ્રાન્ડમાસ્ટર્સ ખેલાડીઓએ વિજયી પ્રારંભ કર્યો હતો. પ્રથમ દિવસે બે-બે પોઈન્ટ સાથે સરસાઈ હાંસલ કરનારા ખેલાડીઓમાં લલિત બાબુ, આર. આર. લક્ષ્મણ, તેજસ બાકરે, અભિમન્યુ પુરાણિક, અરવિંદ ચિદમ્બરમ, ઈન્ટરનેશન માસ્ટર દિનેશ શર્મા, સત્યપ્રયાણ, વિજયાલક્ષ્મી, રવિ તેજાનો સમાવેશ થતો હતો. ગુજરાતના સ્થાનિક ખેલાડી ફેનિલ શાહ અને એસ. કે. સિન્હાએ પણ બે પોઈન્ટ હાંસલ કર્યા હતા. શહેરમાં નારણપુરા ખાતેની જીએસસી બેંક ખાતે યોજાયેલી ચાર દિવસની આ ટુર્નામેન્ટનું એસોસિયેશનના વાઈસ પ્રેસિડેન્ટ જયેશ મોદીએ ઉદઘાટન કર્યું હતું.

# ગાંધીનગરની શાળાઓનાં પરિણામ

**આરાધના વિદ્યાવિહાર**

**જુનિયર કેજી**
૧ અભય ઉમેશભાઈ પ્રજાપતિ
૨ પ્રથમ કીર્તિભાઈ સચાણિયા
૩ દિલીપ ભારતસિંહ પટેલ

**સિનિયર કેજી**
૧ જતીન જયેશભાઈ વાઘેલા
૨ સોહમ પ્રતીકભાઈ મકવાણા
૩ મિત્તલ હિતેષભાઈ જાદવ

**ધોરણ - ૧**
૧ સાક્ષી નવિનભાઈ લિંબાચીયા
૨ પ્રતીક નરેન્દ્રસિંહ ચાવડા
૩ તમન્ના સંજયજી ઠાકોર

**ધોરણ - ૨**
૧ સુહાની દેવીલાલ આહારી
૨ સુજાનબાનુ શેરખાન પઠાણ
૩ શ્રદ્ધાબા સુરેશસિંહ સોલંકી

**ધોરણ - ૩**
૧ જીયા રાજેશકુમાર દરજી
૨ આર્યન અતુલકુમાર રાઠોડ
૩ એનલ ચંદુભાઈ રજાત

**ધોરણ - ૪**
૧ યશ દેવીલાલ આહારી
૨ ખુશી રાજેશકુમાર દરજી
૩ નયન ગૌરાંગસિંહ બારીયા

**ધોરણ - ૫**
૧ ઝલક કિરણભાઈ દરજી
૨ સાગર હિતેષભાઈ જાદવ
૩ હની અરવિંદભાઈ ધંધુકિયા

**ધોરણ - ૬**
૧ મિહિર વી આસોડિયા
૨ સ્નેહા કિરીટકુમાર આસોડિયા
૩ હિમાની અશોકભાઈ મૌર્ય

**ધોરણ - ૭**
૧ કૃષ્ણસિંહ એમ ચાવડા
૨ જય ટી સોલંકી
૩ શનિરાજ દિલીપસિંહ વાઘેલા

**ધોરણ - ૮**
૧ શિવ ગૌતમભાઈ પટેલ
૨ માનસી બકાભાઈ લુહાર
૩ જાહ્નવી કિરણભાઈ દરજી

**ઈન્ફોસિટી જુનિયર સાયન્સ કોલેજ**

**ધોરણ-૧૧ ઈ૧**
૧ ચાર્મી જે પટેલ
૨ દિવ્યા ડી જેઠાની
૩ માહી આર પટેલ

**ધોરણ-૧૧ ઈ૨**
૧ જેનિસ પી વોરા
૨ ઝીલ કે પટેલ
૩ દર્શિત એચ સોલંકી

**ધોરણ-૧૧ ઈ૩**
૧ રોહન એન ડામરિયા
૨ અપર્ણા ડી માખીજા
૨ નિરાલી ડી પટેલ
૩ ધ્વની એન રાઠોડ

**ધોરણ-૧૧ ઈ૪**
૧ યુક્તા આર ગુરનાની
૨ સુમિત એસ યાદવ
૩ વિશેષ એસ રોહિલા

**ધોરણ-૧૧ ઈ૫**
૧ ચંદ્ર એ પટેલ
૨ ઈશિતા જે અગ્રવાલ
૩ પાર્થ જે પટેલ

**ધોરણ-૧૧ ઈ૬**
૧ રોહનકુમાર એ માયાવંશી
૨ ધ્રુવ એસ ત્રિવેદી
૩ સુજલ જી સોની

**ધોરણ-૧૧ ઈ૭**
૧ મનન આર પટેલ
૨ સૃષ્ટિ કે શેખાત
૩ તીર્થ એચ પટેલ

**એસ વી ઈંગ્લિશ મીડિયમ સ્કૂલ**

**ધોરણ-૧**
૧ જાહ્નવી એચ ચૌહાણ
૨ દિવ્વી ડી પંડ્યા
૩ રશ્મીબા ડી જાડેજા

**ધોરણ-૨**
૧ અનામિકા એસ ભંડારી
૨ બિશ્વજિત બી મંડલ
૩ ખુશી ડી સિંઘ

# ચાલશે, ફાવશે, ગમશે હોય તો જીવન ફળશે - ફૂલશે

જિંદગી એક મોટી અને વિસ્તૃત પરીક્ષા છે અને ગમે તેટલી સઘન તૈયારી કરો તો પણ નિષ્ફળતા મળે એ પણ નિશ્ચિત હોય છે. ઘણીવાર કંઈ જ તૈયારી કરી હોય નહીં છતાં સફળતા મળી જાય છે. અર્થાત અહીં પૃથ્વી ઉપર આવતાં તમામ સજીવો માટે જીવન એક મોટું આશ્ચર્ય રહે છે, બધાંનાં પ્રશ્નપત્રો જૂદાં-જૂદાં છે એટલે કોઈનું કોઈને કામ લાગતું નથી. ના ઉપેક્ષા, ના કોઈ અપેક્ષા છતાં સર્વત્ર યોગદાન આપતાં રહેવું એ જ કર્મયોગ કહેવાય છે. વ્યક્તિનું માત્ર અસ્તિત્વ હોય એ અર્થહિન છે પરંતુ એ અસ્તિત્વ અન્યનાં જીવનમાં કંઈક રોશની લાવે, જિજીવિષા પ્રગટાવે, હૂંફ બક્ષે ત્યારે વ્યક્તિ જીવંત છે એ નક્કી થાય છે.



લીડ કાઈન્ડલી લાઈટનો અર્થ જ એ છે કે હે પ્રભુ મને તું પરમ તેજ પ્રત્યે દોરી જા. સત્યમ શિવમ સુંદરમની જીવનશૈલી જ્યાં પ્રવર્તે છે તેની પાસે લઈ જા. આ પ્રકારની યાચના એ જ્ઞાનની સાચી ફળશ્રુતિ હોય છે. છેડો મળે તો પ્રારંભ શું અને ક્યાંથી હતો એ ભૂલી જવાય તેનું નામ જટીલ. પ્રશ્નો સદા સહેલા નથી રહેવાના પણ તેની સામે તમે અને હું જે માનસિકતા લઈને ફરીએ છીએ તેમાં ચાલશે, ફાવશે અને ગમશે એવા ભાવ ગોઠવાઈ જાય તો પછી જીવન સરળ અને સુમધુર બની જાય છે. પ્રશ્નો પરત્વે જોવાની દષ્ટિમાં ભેદ હોય એટલે ઉપાયોમાં વિવિધતા અને કાર્યપદ્ધતિમાં વૈવિધ્ય જોવા મળતું હોય છે.

જીવન જીવવાના અભિગમમાં જે ફેર પડ્યા કરે છે તેનાથી આ વિશ્વનું ખરું વૈવિધ્ય પ્રવર્તે છે. ગની દહીંવાલાના આ શેરને સમજવા જેવો છે :

> દિવસ તો જિંદગીના
> આંખ મીંચીને કપાયા પણ
> ઉઘાડી આંખથી
> રાતો કપાતાં વાર લાગે છે

જે કંઈ પ્રતિદિન પ્રભુ તરફથી પ્રાપ્ત થાય છે તેને જો માણસ બહુ જ સરળતાથી પ્રસાદ માનીને સ્વીકારતાં શીખે તો જીવનમાં શાંતિ અને સંતોષ




અવશ્ય મળે છે. ખાવામાં, ફરવામાં, નિત્યક્રમમાં જો સ્વીકૃતિને હૈયામાં સ્થાન આપી દઈ તો કોઈ ફરિયાદ ઊભી થશે નહીં. ફરી યાદ કરે પણ કોઈ શિકાયત ના કરે ત્યારે જીવન સાર્થકતાની રાહમાં સફળ છે એમ કહી શકાય. જીવન દરેકની પોતીકી સફર છે અને તેનો ઉચાટ કે આનંદ પણ વ્યક્તિગત-પોતીકો હોય છે. ઉર્વિશ વસાવડાની રચના ખૂબ સચોટ છે :

> હું સમજણની પાર
> સમજણ શોધવા મથતો રહ્યો
> ઝાંઝવાને માણવા
> રણ શોધવા મથતો રહ્યો
> હું કદી સમજી શક્યો ના
> જે પીડા મૂળને
> એજ પીડાનું
> નિવારણ શોધવા મથતો રહ્યો

રાહત ઈન્દોરીનો શેર માર્મિક અને સમજવા જેવો છે :

> આંખો મેં પાની રખો
> હોઠોં પે ચિંગારી રખો
> ઝિંદા રહેના હૈ તો
> તરકિબેં બહુત સારી રખો

એકવીસમી સદીમાં માનવ પાસે ઘણા વિકલ્પો ઉપલબ્ધ થયા છે. ગતિશીલ સાધનો, ત્વરિત પ્રાપ્તિ, તેમ છતાં સુખ અને સંતોષનો સૂરજ ઉગવામાં વિઘ્નો છે. કેમ કે વ્યક્તિને બધા જ પ્રશ્નોમાં જડતા સાથે આગળ જવું છે, સ્થિતિસ્થાપક બનવામાં રસ નથી. થોડા સમયની અનુકૂળતામાં વિક્ષેપ થાય તો એ મંજૂર નથી એટલે અજંપો છે. ઈશ્વરની ઈચ્છા સર્વોપરિ છે તે વાતમાં શ્રદ્ધા ઊભી થાય તો બધી જ અનુકૂળતા મળી શકે.

થોડું સહન કરવાનું, થોડું ચલાવી લેવાનું બધા જ પરિવારમાં પોતાનાં સંતાનો અને સ્વજનોને શીખવાડાય તો સમસ્યાઓ જે દેખાય છે તે સ્વયં નષ્ટ થઈ જશે. નાની નાની વાતોમાં ગુસ્સો, તણાવ અને બબાલો થઈ રહી છે તેનું મૂળ કારણ સામાજિક માનસિકતામાં પરિવર્તન હજી આવ્યું નથી. જીવન એક દિવસ નષ્ટ તો થઈ જવાનું જ છે તો શા માટે સારાં કર્મો અને વિચારોને સાઈડમાં મૂકીને જીવ્યા કરીએ છીએ ? જીવનની ઊર્જાથી અન્યનાં જીવનમાં પ્રકાશપૂંજ પથરાય તેવું કેમ ના થઈ શકે ? બધું જ બદલાયું પણ માણસ હજી બદલાતો નથી, એ બધું ભોગીને રોગી થઈ રહ્યો છે. જીવનમાં હકારાત્મક વલણ દ્વારા બીજાના સુખમાં વૃધ્ધિ લાવી શકાય એ વાતને સ્વીકૃત કરવાની છે.

**શેર આસ્વાદ**

> ક્યાંય તારા નામની તકતી નથી
> એ હવા તારી સખાવતને સલામ
> (ધૂની માંડલિયા)